ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરનો સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવેશ કરવા દરખાસ્ત કરાશે

**સામાન્ય સભાએ આ અંગે કમિશનરને સત્તાઓ સોંપી : ૩૧ જુલાઈ પહેલા સરકારમાં દરખાસ્ત મોકલી અપાશે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરનો સ્માર્ટસીટી મિશનમાં સમાવેશ કરવા માટે આજે મહાનગરપાલિકાની સામાન્ય સભાએ રાજ્ય સરકાર સમક્ષ દરખાસ્ત કરવાની સત્તા મ્યુનિ. કમિશનરને આપી છે.

ગાંધીનગર શહેર નજીક આકાર પામેલ ગિફ્ટ સીટીને સ્માર્ટ સીટીનો દરજ્જો આપવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ તબક્કામાં સરકારે છ શહેરોને સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવવા માટેની દરખાસ્ત મોકલી દીધી છે પરંતુ બીજા તબક્કામાં અન્ય શહેરોને સમાવવા માટે ૩૧મી જુલાઈ સુધીમાં દરખાસ્ત મોકલી આપવા સરકાર દ્વારા સૂચવાયુ હોવાથી આજે મનપાએ આ દરખાસ્ત રજુ કરવા કમિશનરને સત્તા આપી છે.

ગાંધીનગર શહેરને આમતો અમૃતમ્ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે પરંતુ મનપાએ આજે આ પ્રસ્તાવ પસાર કરી અને સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં જ સમાવવાનો આગ્રહ રાખ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સ્માર્ટ સીટી માટેના ૧૦ જેટલા માપદંડો ભારત સરકારે નિયત કર્યા છે. જે પૈકીના ઘણા બધા માપદંડોમાં મનપા સફળ થઈ શકે તેમ નથી.

કોર્પોરેશનને આ સલંગ્ને જે મુદ્દાઓ પરિપૂર્ણ કરવાના થાય છે તેમાં સ્વચ્છ ભારત મિશન હેઠળ સેનીટરી શૌચાલય બનાવવા, ઓનલાઈન ફરિયાદ નિવારણ સિસ્ટમ કાર્યરત કરવી, માસિક-ઈ-ન્યુઝલેટર પ્રકાશિત કરવુ, પ્રોજેક્ટ વાઈઝ ખર્ચ બતાવવા, વોર્ડ સભાઓના ઠરાવો બતાવવા, છેલ્લા ત્રણ વર્ષની આવકની વિગતો, પગાર ચુકવણી, એકાઉન્ટનું ઓડિટ, આંતરિક આવકની વહેંચણીના હિસાબો તૈયાર કરવા સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે. જેથી ગાંધીનગરનો અમૃતમ્ પ્રોજેક્ટમાં સમાવેશ થઈ શકે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગાંધીનગર કોર્પોરેશન દ્વારા આ દરખાસ્ત તૈયાર કરી ઝડપથી મોકલી આપવામાં આવનાર છે.

## વેતન-ભથ્થા વધારાનો પ્રસ્તાવ ભાજપે બહુમતિથી પસાર કર્યો

**મનપાની સામાન્ય સભામાં સીટી બસો ફાળવવાની માંગણી સાથે સહમત કોંગ્રેસે કહ્યું કે ડીપીઆર નથી બનાવ્યો ; ડ્રાયવરો નથી પછી માંગણી માટે ઉતાવળ સમજાતી નથી : હર્ષજીત પંડ્યાએ આદિવાડા પ્રા. શાળાના બાળકોને મધ્યાહન ભોજન જમવા શેડ તાત્કાલિક બનાવવા રજુઆત કરી : અશ્વિન વ્યાસે વાણિજ્ય વિસ્તારોમાં ડસ્ટબીન આપવાની માંગણી કરી**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં કાઉન્સીલરોના પગાર-ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય બહુમતિથી લેવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે આજે મળેલ સામાન્ય સભામાં કાઉન્સીલરોના વેતન-ભથ્થા વધારીને રૂ. ૪૫૦૦ કરવાનો પ્રસ્તાવ રજુ થયો હતો. આ પ્રસ્તાવ પર વિરોધમાં બોલતાં ભાવનાબા વાઘેલાએ જણાવ્યુ હતુ કે વેરામાં રાહતો આપવી જોઈએ તેમજ આજે ગરીબોને ખાવાનુ મળતી નથી ત્યારે સેવા કરવા આપણે આવ્યા છીએ ત્યારે આ વધારો કરવાની વાત માંડી વાળવી જોઈએ.

ડે. મેરયશ્રી કાર્તિક પટેલે જણાવ્યું હતું કે સરકારશ્રીનો પરિપત્ર છે અને આપણે સ્વીકૃતિ જ આપવાની છે. આમ તો અગાઉ પગાર-ભથ્થા લેવાની ના પાડનારા આજે તે મેળવે જ છે.

● અનુસંધાન પાન-૭ પર



સંસ્કૃત દિવસ - સંસ્કૃત અકાદમી દ્વારા અષાઢના પ્રથમ દિવસે સંસ્કૃત દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ટાઉન હૉલ ખાતે સંસ્કૃત ગરબા અને સંસ્કૃત નાટકનો રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો... આ પ્રસંગે સંસ્કૃત પંડિતોનું સન્માન પણ કરાયું હતું. (તસવીર : દિપક જાની)

## આનંદીબેન પટેલે જગન્નાથ મંદિરમાં વિશેષ પૂજન-અર્ચન કર્યું



અમદાવાદ, તા.૧૭

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આવતીકાલે અષાઢી બીજના દિવસે અમદાવાદ શહેરમાં નિકળનારી રથયાત્રાના એક દિવસ પહેલા પરંપરાગતરીતે સાંજે મંદિરમાં પહોંચીને ખાસ પૂજા અર્ચના કરી હતી. અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા જગન્નાથ મંદિરમાં મુખ્યમંત્રી પહોંચ્યા હતા. તેમની સાથે અમદાવાદના મેયર મીનાક્ષીબેન પટેલ પણ પહોંચ્યા હતા. પૂજામાં અન્ય કાર્યકરો પણ જોડાયા હતા. દરમિયાન અમદાવાદના સુપ્રસિધ્ધ જગન્નાથ મંદિરની ૧૩૮મ રથયાત્રા મહોત્સવ નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, સિધ્ધાર્થ પટેલ તથ વરિ આગેવાનો એ આજે મંદિરની મુલાકાત લઈ શુભેચ્છાઓ પાઠવી હતી અને ત્યાર બાદ રથની પુજાની વિધિ આગેવાનો દ્વારા કરવામાં આવી હતા.

## હીનાબેન પટેલ ભારતીય પંચાયતી રાજ પરિષદના મહિલા વીંગના વાઈસ ચેરમેન વરાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલની અખિલ ભારતીય પંચાયતી રાજની મહિલા વીંગના વાઈસ ચેરમેન તરીકે નિયુકતી કરવામાં આવી છે. આ ઉપરાંત પરમશકિત એવોર્ડથી સન્માનિત પણ કરવામાં આવ્યા છે.



નવી દિલ્હી ખાતે મળેલ બેઠકમાં શ્રીમતી પટેલની મહિલા વીંગના વાઈસ ચેરમેન તરીકે નિમણુંક અને પરમશકિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા બાદ આજે જિલ્લા પંચાયત ખાતે તે આવી પહોંચતા તેમના સમર્થકો, શુભેચ્છકો અને પક્ષના આગેવાનો તેમજ પંચાયતના સભ્યો કર્મચારીઓ દ્વારા અભિનંદનની વર્ષા કરવામાં આવી હતી.

આ ઘટનાને લઈ ભાવુક થઈ ગયેલા શ્રીમતી પટેલે સૌનો આભાર માનતાં જણાવ્યું હતું કે પંચાયતી રાજમાં મહિલા સશકિતકરણને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સાર્થક કર્યુ છે. ૫૦ ટકા મહિલા અનામત તેમના શાસનમાંથી છે તેમજ મહિલાઓને વહીવટીય ક્ષેત્રે સાચી ભાગીદાર બનાવી અને સામાજિક સમરસતાના નિર્માણમાં તેમણે અનેકવિધ મહત્વના પગલા ભર્યા છે. શ્રીમતી હીના પટેલે પંચાયતી રાજ વ્યવસ્થાના મજબુતીકરણ માટેના કોઈ જ પ્રયાસોમાં તે કચાશ રાખશે નહિ તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વધુ શકિતશાળી બને તે માટેના સરકારના અભિગમ સાથે તાલમાં તાલ મિલાવી આગળ વધશે.

## સે-૨૭ પ્રાથમિક શાળામાં ત્રણ દિવસથી લાઈટ ડૂલ : વિદ્યાર્થીઓને ગુંગળામણ

**પાટનગર યોજના ભવનના વિદ્યુત વિભાગને રજૂઆત છતાં કોઈ કાર્યવાહી નહી : શાળામાં લટકતા વિજવાયરો પણ જોખમી**

ગાંધીનગર, તા.૧૭

ભાર વિનાના ભણતર અને પરિણામ સુધારણાની વાતો વચ્ચે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના જીવન અને ભણતર બંને સામે ખતરો મંડરાયો હોવાની સ્થિતિ રાજયના પાટનગરમાં સર્જાઈ છે. સે-૨૭ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ ગરમીથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. શાળામાં છેલ્લા ત્રણ દિવસથી લાઈટો ડૂલ છે. મીટરબોર્ડનાં લટકતા વાયરો પણ ભયજનક હાલતમાં છે. જેના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરિત અસર વર્તાઈ રહી છે. પાટનગર યોજનાના વિદ્યુત વિભાગ સમક્ષ આજીજી કરતા મુખ્ય શિક્ષક રજૂઆત કરીને થાકી ગયા છે પણ કોઈ સાંભળતું ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

સે-૧૭ પ્રાથમિક શાળામાં બે દિવસ અગાઉ મીટર બોર્ડમાં શોર્ટ સર્કીટ થવાના લીધે લાઈટો ડૂલ થઈ ગઈ હતી. જયારે આ બનાવ બાદ શાળામાં ગરમીથી ગુંગળાતા ધો-૧ થી ૭ના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓની હાલત દયાજનક બની છે. આ મામલે શાળાના મુખ્ય શિક્ષક કક્ષાએથી પાટનગર યોજનાના વિદ્યુત વિભાગ સમક્ષ છેલ્લા બે દિવસથી રજૂઆત કરવામાં આવે છે પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. શાળાના મીટર બોર્ડમાં વીજવાયરો પણ લટકતી હાલતમાં છે. એમ.સી.બી.ના અભાવે જોખમી સ્થિતિ હોવાનું પણ મનાઈ રહ્યું છે. આવા સંજોગોમાં ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી પણ દહશત છે. પરંતુ રજૂઆતોના અંતે પણ તંત્ર હરકતમાં ન આવતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો કફોડી હાલતમાં મુકાઈ ગયા છે.

## શિક્ષણમાં ગુણવત્તા સુધારણાને મહત્વ અપાશે

અમદાવાદ, તા.૧૭

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારણાનું આ વિચાર-મંથન ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે ને નવી દિશા આપશે તેનુ શ્રેય મુખ્યમંત્રીના દ્રષ્ટિવંત નેતૃત્વને આપ્યું હતું. ભુપેન્દ્રસિંહ કવોલિટી એજયુકેશનની ચિંતા કરનારા સૌએ ટીચર્સ કવોલિટીની પણ ચિંતા કરવી પડશે તેવો સુર વ્યક્ત કરતા કહ્યું કે હવે આધુનિક શિક્ષણ પધ્ધતિમાં કોમ્પ્યુટર ટેકનોલોજી સ્માર્ટ લર્નીંગ જેવા નવિન આયામો ઉમેરાયા છે.



વીઆઈપી બંદોબસ્ત - શહેરના ૧૭/૨૨નો વિસ્તાર ટ્રાફીકથી ધમધમતો રહે છે... એમાય ૧૭/૨૨ના શોપીંગ કોમ્પ્લેક્ષોના કારણે મુખ્યમાર્ગ પર આડેધડ પાર્કિંગ થાય છે... પરંતુ જયારે જયારે વીવીઆઈપી આ માર્ગ પરથી પસાર થવાના હોય ત્યારે ટ્રાફિક નિયમન માટેની સુંદર વ્યવસ્થા થાય છે... નાગરિકોની માંગણી છે કે, આવી વ્યવસ્થા દરરોજ થાય તો સર્જાતી હાલાકી ટાળી શકાય... (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે રમઝાન ઈદની ધામધૂમથી ઉજવણી થશે

**ચરેડી ઈદગાહ અને સેક્ટર-૨૧ની મસ્જીદમાં ઈદની નમાઝ અદા થશે : બજારોમાં ઈદની ખરીદી જામી**

ગાંધીનગર, તા. ૧૭

એક મહિના સુધી રમઝાન માસમાં આકરા રોઝા કર્યા બાદ શુક્રવારે સાંજે ઈદનો ચાંદ દેખાતા મુસ્લિમ બિરાદરોમાં ખુશી વ્યાપી ગઈ હતી. રથયાત્રાની સાથે ગાંધીનગરમાં ઈદ ઉલ ફીત્ર (રમઝાન ઈદ)ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.

ગાંધીનગરમાં છેલ્લા એક મહિનાથી ધાર્મિક માહોલ જામ્યો છે. અધિક માસ હજુ ગઈકાલે જ પૂર્ણ થયો. શહેરમાં ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

હવે રમઝાન ઈદ પૂર્ણ થતાં શુક્રવારે સાંજે ઈદની ખરીદી જામી હતી. તૈયાર કપડાંથી લઈને ખાણીપીણીની ચીજવસ્તુઓની ખરીદી થતી બજારોમાં જોવા મળી હતી. બજારોમાં અનોખી રોનક જોવા મળી હતી. રમઝાન માસના છેલ્લા દિવસે શુક્રવાર એટલે કે જુમ્મા હોવાથી જુમ્માની નમાઝ માટે સેક્ટર-૨૧ની મસ્જીદમાં ભારે ભીડ જોવા મળી હતી.

સાંજે ઈફતારી પણ ભીડ ઉમટી પડી હતી. સાંજે ઈદનો ચાંદ દેખાયો તેવી જાહેર સાથે જ મુસ્લિમ બિરાદરોમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો હતો. ચાંદ મુબારકની શુભકામનાઓ આપતા ફોન અને મેસેજીસનો દોર મોડી રાત સુધી ચાલ્યો હતો.

ગાંધીનગર હુસેની કમિટિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ઈદ ઈલફીત્રની નમાઝ ચરેડી ઈદગાહ પર સવારે ૮ વાગે અને ૮.૩૦ વાગે સેક્ટર-૨૧ની જુમ્મા મસ્જીદ ખાતે યોજાશે. જો સવારે વરસાદ હશે તો ઈદગાહમાં નમાઝ નહી થાય. તેના બદલે સેક્ટર-૨૯ની મદીના મસ્જીદ ખાતે સવારે ૮.૩૦ વાગે અને સેક્ટર-૨૧ની મસ્જીદ ખાતે ૯ વાગે નમાજ થશે. વરસાદ આવશે તો જ નમાઝના સમયમાં આ મુજબનો ફેરફાર થશે.




## રાજ્યના ખેડૂતોને ઘાસચારા બિયારણમાં ૭૫ ટકા સહાય

**ખેતી ક્ષેત્રે વિજ પુરવઠો આઠના બદલે ૧૦ કલાક : સિંચાઈના પાણીનો કરકસરભર્યો વપરાશ કરવા ખેડૂતોને રાજ્ય સરકારની અપીલ: જૂન બાદ વરસાદ ખેંચાઈ ગયો**

ગાંધીનગર, તા.૧૭

રાજયમાં જુન માસમાં સારા વરસાદ બાદ વરસાદ ખેંચાઈ જવાની પરીસ્થિતિ ઉભી થઈ છે. હાલમાં ઉભા પાક ને બચાવવા સરકાર દ્વારા ખેતીક્ષેત્રે વીજળીનો પુરવઠો ૮ કલાકના બદલે ૧૦ કલાક કરવામાં આવ્યો છે. તેમજ જે સિંચાઈ જળાશયોમાં પુરતુ પાણી ઉપલબ્ધ છે તેવા જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

STOCK MARKET LEADER REQUIRED
• Equity / Commodity Dealer : NISM, NCFM Pass
• Front Office Assistant / Tele Coller
Minimum 1 to 3 year experience in all above post M/F.
Deserving candidate will get best salary package.
Walk with full CV, Date 18 & 19 July 2015, 11 am to 5 pm at F-13 & 14, Megh Malhar Sector-11, Opp. CNG Pump, G'nagar.
mail : bestboi123@gmail.com or M. : 9974703401










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com